# MRCM-Recall પાર્ટીના ઘોષણાપત્રનો સાર

MRCM એટલે - ખાણોની રોયાલ્ટી નાગરીકો અને સેનાને અપાવવી
Recall એટલે - નાગરીકો પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, સુપ્રિમ ન્યાયાધીશો, જિલ્લા પોલીસ ચીફ વગેરેને બદલી શકે તેવી પ્રોસીજરો

**લેખકો: ચીમનભાઇ મહેતા,** સ્વાતંત્રતા સેનાની, ભુતપુર્વ કેન્દ્રીય શિક્ષણ મંત્રી
**રાહૂલ મહેતા,** બી ટેક, આઇ. આઇ ટી દિલ્હી , એમ એસ , રટગર્સ, ન્યુ જર્સી સ્ટેટ યુનિવર્સિટી
c/o રાજકમલ પ્લાઝા-A , સાકાર-૩ સામે, ઈન્કમટેક્ષ, અમદાવાદ
**Ph:** 91-98251-27780 , 98252-32754
Email : MehtaRahulC@yahoo.com
Home Page : http://www.rahulmehta.com
Orkut Community : Mine Royalties for Citizens - http://www.orkut.co.in/Community.aspx?cmm=21780619

---

## ૧ MRCM-Recall પાર્ટી અને આ પત્રીકા વિષે

અમારી પાર્ટીનું નામ છે – MRCM-Recall.

MRCM એટલે ‘Mine Royalties (and Land Rent) for Citizens and Military’ અર્થાત ‘ખાણોની રોયાલ્ટી અને જમીનનું ભાડુ નાગરીકોને અને સેનાને અપાવવુ. અને Recall એટલે - નાગરીકો પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, સુપ્રિમ ન્યાયાધીશો, તમામ ન્યાયાધીશો, જિલ્લા પોલીસ ચીફ, જિલ્લા શિક્ષણ અધિકારી વગેરે બદલી શકે અને બદલી અટકાવી શકે તેવી પ્રોસીજરો.

અમારી પ્રથમ માંગણી છે - ભારતની તમામ ખાણોં અને તેલનાં કુવાઓની રોયાલ્ટી અને તમામ સરકારી પ્લોટો જેમકે અમદાવાદ વસ્ત્રાપુર મેનેજમેન્ટનો પ્લોટ, દિલ્હીની નેહરુ યુનિવર્સીટીનો પ્લોટ, તમામ એરપોર્ટનાં પ્લોટા વગેરેનું ભાડુ અમો નાગરીકોને અને સેનાને અપાવવી. અને અમારી બીજી માંગણી છે – નાગરીકો રાહ જોયા વિના પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, સુપ્રિમ ન્યાયાધીશો, તમામ ન્યાયાધીશો, જિલ્લા પોલીસ ચીફ, જિલ્લા શિક્ષણ અધિકારીઓ અને આ પ્રકારનાં રાષ્ટ્ર, રાજ્ય અને જિલ્લા સ્તરે ૬૦-૮૦ અધિકારીઓને બદલી શકે અને બદલી અટકાવી શકે તેવી પ્રોસીજરો.ઉભી કરવી.

http://www.rahulmehta.com/about_mrcm_party.htm#manifesto પર અમારા આખા ઘોષણાપત્રની અંગ્રેજીમાં અને ગુજરાતીમાં આપેલ. આ ઘોષણાપત્રમાં અમે જે જે સરકારી વટહુકમોની માંગણી કરી છે તે તમામ વટહુકમોનોં લખાણ આપ્યા છે. *આ પત્રીકા અમારા ઘોષણાપત્રનો સાર છે*. જો આપ વાચકને અમારા દ્વારા માગેલ વટહુકમો ભારત દેશ અને સામાન્ય નાગરીકો માટે યોગ્ય લાગે, તો અમોને સંપર્ક કરવા વિનંતી છે. *અને શક્ય હોય તો કોઇપણ રવિવારે ૧૦-૨ રાજકમલ પ્લાઝા-A , સાકાર-૩ સામે, ઈન્કમટેક્ષ, અમદાવાદ મીટીંગમાં આવવા વિનંતી છે.*

અને ઓર્કુટ કોમ્યુનીટી ‘Mine Royalties for Citizens’ http://www.orkut.co.in/Community.aspx?cmm=21780619 પર અમારી પાર્ટી વિષે વધારે માહિતી મળી શકશે.

## ૨ અમે કઇ રીતે અન્ય પાર્ટીઓ અને બુદ્ધીજિવીઓથી જુદા છિએ?

અમે અન્ય તમામ પાર્ટીઓ અને તમામ બુદ્ધીજિવીઓથી જુદા છિએ. અમુક મુખ્ય ભેદ નીચે મુજબ છે :

| MRCM-Recall પાર્ટી | અન્ય પાર્ટીઓનાં સાંસદો અને ભારતનાં બુદ્ધીજિવીઓ |
|---|---|
| ૧. ખાણૉનૉ અને સરકારી પ્લોટૉની માલીકી | |
| MRCM-Recall પાર્ટીની સ્પષ્ટ માન્યતા છે કે ભારતની તમામ ખાણૉનૉ અને સરકારી પ્લોટૉની માલીકી પ્રજાજનોની છે, સરકાર કે રાજ્યની નથી. અને તેથી અમો નાગરીકોને અને અમારી સેનાને તે ખાણૉનૉ રોયાલ્ટી અને તે પ્લોટોનું ભાડૂં અપાપવુ જોઇએ. દા. ત. અમારી પાર્ટી સ્પષ્ટ માને છે, કે નાગરીકોને વસ્ત્રાપુર મેનેજમેન્ટ, દિલ્હી નેહરુ યુનિવર્સીટી અને તમામ એરપોર્ટો પરનું ભાડૂ નાગરીકોને અને સેનાને અપાવવુ દરેક નાગરીકની પ્રાથમિક અને મુળ ફરજ છે | ભાજપ, સામ્યવાદી, કોંગ્રેસ વગેરે સાંસદો અને ભારતનાં મોટા ભાગનાં બુદ્ધિજિવીઓની સ્પષ્ટ માન્યતા છે કે ખાણૉ અને સરકારી પ્લોટૉ સરકાર અથવા રાજ્ય માત્રની મિલકત છે, સામાન્ય નાગરીકોનો તેમાં કોઇ હક્ક નથી. તેથી તેઓએ અનેક વખત સ્પષ્ટ કહ્યુ છે કે નાગરીકો કોઇ રોયાલ્ટી, ભાડૂ નહીં મળે. દા. ત. ભાજપ, સામ્યવાદી, કોંગ્રેસ વગેરે સાંસદો અને બુદ્ધિજિવીઓએ મેનેજમેન્ટ, નેહરુ યુનિવર્સીટી, એરપોર્ટોનું ભાડૂ નાગરીકોને આપવાની સ્પષ્ટ ના પાડી છે. |
| ૨. બંધારણનું નાગરીકોનું અર્થધટન અંતિમ છે, સુપ્રીમ ન્યાયાધીશોનું અર્થધટન અંતિમ નથી | |
| અમે માન્યે છિએ કે બંધારણના અર્થધટનોમાં ભારતનાં નાગરીકોનું અર્થધટન અંતિમ છે. તે માટેજ અમો જ્યુરી પ્રથા અને નાગરીક-સમીક્ષાની માંગણીઓ કરી છે. | સાંસદો અને બુદ્ધિજિવીઓ બંધારણના અર્થધટનોમાં બે ડઝન સુપ્રીમ ન્યાયાધીશોનાં અર્થધટનને અંતિમ ગણાવે છે. તેઓ અમો ભારતનાં નાગરીકોનું અર્થધટનને મહત્વહીન ગણાવે છે. તેથીજ તેઓએ જ્યુરી પ્રથાનો ૧૯૫૦થી વિરોધ કર્યો છે. |
| ૩. વટહુકમોના લખાણ ચુંટણી પહેલા આપવા | |
| અમે એકમાત્ર પાર્ટી છિએ જે વટહુકમોની માગણી કરીએ છિએ કે વચન આપયે છિએ, તેનું લખાણ અમે ચુંટણી પહેલા આપ્યે છિયે જેથી નાગરીકો વાંચી શકે અને ટેકો આપી શકે અથવા અમારી ક્ષતિઓ ગણાવી શકે. | તમામ સાંસદો એક પણ વટહુકમનું લખાણ આપવાની ના પાડે છે. |
| ૪. રાજકીય સંસ્કારોનો ભ્રમ (the myth of political culture) | |
| અમે માનયે છિએ કે ભારતની સમસ્યાઓ ખરાબ કાયદાઓથી છે. સામાન્ય નાગરીકોના . રાજકીય સંસ્કારોમાં ખામી નથી. નાગરીકો અમુક માહિતીથી અજાણ છે જેનાથી આ કાયદાઓમાં ખામીઓ ચાલુ રહી છે. | બુદ્ધિજિવીઓની સ્પષ્ટ માન્યતા છે કે ભારતની સમસ્યાઓ સામાન્ય નાગરીકોના ખરાબ રાજકીય સંસ્કારોને કારણે છે અને કાયદાઓમાં ખાસ કોઇ ખામી નથી આમ તમામ દોષ તેમના મત અનુસાર નાગરીકોનો છે. |
| ૫. તમામ રાજકીય પક્ષો માત્ર જિતવા ચુંટણી લડે છે, અમારો હેતુ અમુક કાયદાઓ લાવવાનો છે | |
| અમારો એકમાત્ર હેતુ અમુક કાયદાઓ લાવવાનો છે | તમામ રાજકીય પક્ષો માત્ર જિતવા ચુંટણી લડે છે. કોઇ કાયદાઓ તેમનો હેતુ નથી |
| ૬. તમામ અદાલતોમાં ભ્રષ્ટાચાર અને સગાવાદ ધટાડવો | |
| અમે એકમાત્ર પાર્ટી છિએ જે તમામ અદાલતોમાં ભ્રષ્ટાચાર અને સગાવાદ ઘટાડવા માટે કાયદાઓ રજુ કર્યે છિએ. | સાંસદો અને બુદ્ધિજિવીઓ ન્યાયાધીશોનાં ભ્રષ્ટાચાર અને સગાવાદની સમસ્યાની વાત કરવાનો પણ વિરોધ કરે છે.. |

| ૭. ૧૨૦ અન્ય તફાવતો | |
|---|---|
| અમે વહીવટમાં પરિવર્તન લાવવા ૧૦૦-૧૨૦ વટહુકમોનાં લખાણ આપ્યા છિએ. | સાંસદો અને બુદ્ધિજિવીઓએ તમામ ૧૦૦-૧૨૦ વટહુકમોનો વિરોધ કર્યો છે. |

અમે ક્રમશ: લોકશાહી પધ્ધતિ દ્વારા પરિવર્તન લાવવામાં વિશ્વાસ રાખિયે છિએ. તેથીજ અમે અમારા તમામ ૧૨૦ સુધારાઓ લોકશાહી પધ્ધતિ દ્વારા નાગરીક-મત દ્વારા લાવવા માંગણી કરી છે. અમારે તમામ પરિવર્તનો હિંસા વગર લાવવા છે. પણ જો પૈસાદરોનૂં હિત સાચવવા ન્યાયાધીશો, સાંસદો અને બુદ્ધિજિવીઓ લોકશાહી શબ્દનું વિકૃત અર્થઘટન કરી લોકશાહી તોડી નાખેતો પછી નવેસરથી વિચારીશું. પણ ત્યાં સુધી અમો તમામ પ્રકારની હિંસાનાં વિરોધી છિયે.

## ૩ MRCM-Recall પાર્ટીની પ્રથમ પાંચ માંગણીઓ

અમે આશરે ૧૦૦-૧૨૦ વટહુકમોની માંગણી કરી જેમા પ્રથમ પાંચનો સાર નીચે પ્રમાણે છે.

૧. નાગરીકો કલેકટરને રુ. ૨૦૦ આપી પ્રશ્ન, પત્ર, ફરીયાદને પ્રધાનમંત્રીનાં વેબસાઉટ પર મુકાવી શકશે. અને નાગરીકો તલાટીની કચેરીએ રુ ૩ આપી ચાલુ કાયદાઓ અને નાગરીકે આપેલ પ્રત્ર પર હા-ના નોંધાવી શકશે, અને તે હા-ના પણ પ્રધાનમંત્રીનાં વેબસાઉટ પર આવશે

૨. કોઇપણ નાગરીક દ્વારા સુચવેલ વટહુકમ પર જો કુલ નાગરીકોનાં ૫૦ ટકાથી વધારે નાગરીકો હા નોંધાવે તો મુખ્યમંત્રી, પ્રધાનમંત્રી કોઇપણ તકરાર વિના નાગરીક દ્વારા સુચવેલ વટહુકમ પર સહી કરશે.

૩. ભારતનાં તમામ સરકારી પ્લોટોનું ભાડૂ અને ખાણોની રોયાલ્ટી ૨/૩ નાગરીકોને, ૧/૩ સેનાને આપવી

૪. નાગરીકો પ્રધાનમંત્રી, મુખ્યમંત્રીને પાંચ વર્ષ રાહ જોયા વિના બદલી શકે, તેવી પ્રોસીજર બનાવવી

૫. નાગરીકો સુપ્રિમના વડા ન્યાયાધીશને બદલી શકે, તેવી પ્રોસીજર બનાવવી

## ૪ પ્રથમ બે માંગણીઓ

અમારે બે સરકારી વટહુકમો પર મુખ્યમંત્રી, પ્રધાનમંત્રીની સહી જોઇએ છે. પ્રથમ વટહુકમ નીચે પ્રમાણે છે. મારી વાચકને વિનંતી કે તે આની કલમોને એકવાર લખી લે જેથી મને ખાત્રી થાય કે તેમણે વાંચી છે.

| # | અધિકારી | પ્રોસીજર |
|---|---|---|
| 1 | CS -- કેબીનેટ સેક્રેટરી (કેન્દ્ર) | CS (કેબીનેટ સેક્રેટરી) ને આદેશ આપવામાં આવે છે કોઇપણ નાગરીક મતદાર જો કોઇ પત્ર આપે કે સરકારી વટહુકમનું લખાણ સુચવે, તો CS પાના દીઠ રુ. ૨૦૦/- ની ફી લઇ નોંધી લેશે અને તેને સીરીયલ નંબર આપશે. પાના A4 સાઇઝ અને લીગલ સાઇઝની વચ્ચે હોવા જોઇએ અને તેમાં ૧૫૦૦ અક્ષરોથી ઓછા હોવા જોઇએ. CS આ પાના ૨૪ કલાકમાં સ્કેન કરી http://goi.nic.in/pgo/serial_number.htm કે ભારત સરકારનાં કોઇ વેબસાઇટ પર મુકશે. |
| 2 | CS | CS આ કામગીરી અન્ય કોઇ પણ DDO સ્તરનાં અધિકારીને જિલ્લા કક્ષાએ સોપી શકશે. |
| 3 | તલાટી (અથવા તેનાં ક્લાર્કો) | તમામ તલાટીઓને આદેશ આપવામાં આવે છે, કોઇપણ નાગરીક જો ધારાસભ્યો કે સાંસદો દ્વારા પસાર કરેલ કાયદા કે તેની કલમો પર કે કલમ-૧ દ્વારા આપેલ પત્ર કે સુચવેલ સરકારી વટહુકમ પર હા/ના નોંધાવા આવે, મતદાર કાર્ડ બતાવે, રુ ૩ વહીવટી ફી આપે, તો કોઇપણ તકરાર વગર તલાટીએ હા/ના કોમ્પ્યુટરમાં નોંધી લેવી, અને નોંધની પહોંચ આપવી. . આ ફી બીપીએલ કાર્ડ ધારક માટે રુ ૧ રહેશે |
| 4 | તલાટી | તલાટી રુ ૩ ની ફી લઇ નાગરીક્ને હા/ના બદલવા પણ દેશે. . આ ફી બીપીએલ કાર્ડ ધારક માટે રુ ૧ રહેશ. |

| | | |
|---|---|---|
| 5 | જિલ્લા કલેક્ટર | કલેક્ટરોને આદેશ આપવામાં આવે છે CS દ્વારા આપેલ વેબસાઇટ પર તેમણે જિલ્લાના નાગરીકોની હા/ના મતદાર નંબર, નામ સહીત મુકવી. |
| 6 | CS | CS અથવા તેના દ્વારા નિમેલ અધિકારી દર સોમવારે તાલુકાવાર પસાર કરેલ કાયદાઓ કે સુચિત વટહુકમો પર નોંધાવેલ હા/ના ઓ નો સરવાળૉ વેબસાઇટ પર મુકશે. |
| 7A | ---- | નાગરીકોને માહીતી આપવાના હેતુથી આ જાહેર કરવામાં આવે છે, આ હા/ના કોઇપણ અધિકારી, મંત્રી, ન્યાયાધીશ, ધારાસભ્ય કે સાંસદ પર બંધનકર્તા નહીં રહે. |

જે બીજો વટહુકમ અમે માંગ્યે છીએ, તે ઉપરનાં વટહુકમ મુજબ છે - માત્ર કલમ ૭A ના સ્થાને ૭B નીચે પ્રમણે આવે છે.

| # | અધિકારી | પ્રોસીજર |
|---|---|---|
| 7B | પ્રધાનમંત્રી | ૯૧માં દિવસે જો કુલ મતદારોના ૫૦ % થી વધારે મતદારો સુચવેલ વટહુકમ પર હા નોંધાવે તો પ્રધાનમંત્રી તેના પર કોઇપણ તકરાર વિના ૨૪ કલાકમાં સહી કરશે અથવા રાજીનામું આપશે. જો રાષ્ટ્રપતિ સહી ન કરે તો પ્રધાનમત્રી ૭ દિવસમાં રાજીનામું આપશે. જો આ વટહુકમ માટે સાંસદોની હાની જરુર હોય તો ૩ મહીનામાં સાંસદો હા ન પાડે તો પ્રધાનમંત્રી રાજીનામુ આપશે. . |

રાજ્ય સરકારો પાસેલ માંગેલ વટહુકમમાં ‘પ્રધાનમંત્રી’ શબ્દના સ્થાને ‘મુખ્યમંત્રી’ શબ્દ આવે છે અને અન્ય સામાન્ય ફેરફારો છે. અમારે સામન્ય નાગરીકોને રુ ૩ની ફી આપી હા/ના નોંધાવાની તક અને સત્તા ઉભી કરવી છે. પ્રથમ વટહુકમમાં આ હા/ના કોઇપણ મંત્રી, અધિકારી કે ન્યાયાધીશ પર બંધનકર્તા નથી. નાગરીકોને હા/ના ની સ્વતંત્ર વાણી અને અભિવ્યક્તિ નોધવા દેવી અમારી મુખ્ય માંગણી છે. બીજા વટહુકમમાં આ હા/ના પ્રધાનમંત્રી પર બંધનકર્તા છે.આ બે માંગણીઓ, ખાત્રીઓ છે. તે ઉપરાત અમે ૧૨૦ જેટલા વટહુકમોની માંગણી કરી છે. આ વટહુકમો માટે પ્રજાએ પ્રજાજનોએ માત્ર ત્રીજા વટહુકમ પર પ્રધાનમંત્રી, મુખ્યમંત્રીની સહી લેવાની જરુરી છે. આ સહી આવ્યા પછી પ્રજાજનો આ ૧૦૦-૧૨૦ વટહુકમો મંત્રી, સાંસદ, ધારાસભ્યની મદદ વિના મેળવી શકશે.

## ૫ ત્રીજી અને સૌથી મહત્વની માંગણી

### ૫.૧ સાર

**અ**મારી બીજી માંગણી છે ---- નાગરીકોને વટહુકમો સુચવવાની તક આપવી, નાગરીકોને રુ ૩ આપી હા/ના નોંધવાની તક અને સત્તા આપવી અને જો કુલ મતદારો (એટલે કે ૭૫ કરોડ) નાં ૫૦ ટકાથી વધારે (એટલે કે ૩૭.૫ કરોડ) હા નોંધાવે, તો પ્રધાનમંત્રીએ કોઇપણ તકરાર વિલંબ વિના સહી કરવી. અને રાજ્ય સ્તર પર અને જો કુલ મતદારો (દા. ત. ગુજરાતના ૩.૮ કરોડ) નાં ૫૦ ટકાથી વધારે હા નોંધાવે, તો મુખ્યમંત્રીએ કોઇપણ તકરાર વિલંબ વિના સહી કરવી. પણ આનાથી ગરીબ નાગરીકને શુ મળે? શું હા-ના થી એનું પેટ ભરાશે? તે માટે અમારી સૌથી મહત્વની આર્થિક માંગણી છે ---

મેનેજમેન્ટ વસ્ત્રાપુરનો પ્લોટ, દિલ્હી નેહરુ કોલેજનો પ્લોટ, તમામ એરપોર્ટોનાં પ્લોટો અને તમામ સરકારી પ્લોટો પર ભાડુ લેવુ અને ૨/૩ ભાડુ નાગરીકોને અને ૧/૩ ભાડુ સેનાને અપાવવુ. તે ઉપરાંત તમામ તેલના કુવાઓ, ખાણો વગેરેની રોયાલ્ટી ૨/૩ નાગરીકોને અને ૧/૩ સેનાને અપાવવી. અને તે સિવાય ભાડા, રોયાલ્ટીનો કોઇ અન્ય ઉપયોગ ન કરવો.

આનાથી, પૈસાદારો પર કરવેરા નાંખ્યાં વગર, નાગરીક્ને વ્યક્તિદીઠ (પરિવાર દીઠ નહીં) માસિક આશરે રુ ૮૦૦ની આવક થશે અને સેનાને આશરે વાર્ષિક રુ ૪૦૦,૦૦૦ કરોડ મળશે. આ પરિવર્તન માટે નાગરીકોએ પ્રધાનમંત્રી , મુખ્યમંત્રીઓ પાસે ત્રીજા વટહુકમ પર સહી કરવાની જરુર છે, અમોને મત આપવાની જરુર નથી. પણ જો તમામ પાર્ટીઓનાં પ્રધાનમંત્રી , મુખ્યમંત્રીઓ બીજા વટહુકમ પર સહી કરવાની ના પાડે તો જે નાગરીકોને ભાડુ અપાવવુ છે -- એમાના માટે અમે એક વિકલ્પ છીએ.

## 5.2 વિગતો

<u>નાગરીકો મુખ્ય અધિકારી બદલી શકે</u>

1. ચોથા વટહુકમની એક કલમ આ પ્રમાણે છે : પ્રધાનમંત્રી **NLRO** (National Land Rent Officer, રાષ્ટ્રીય જમીન ભાડા અધિકારી) ની નિમણુંક કરશે જેને ભારતનાં મતદાર-નાગરીકો નીચેની પ્રોસીજરો દ્વારા બદલી શકશે.
   - કોઇપણ નાગરીક પોતાને NLRO માટે નોંધાવી શકશે.
   - કોઇપણ નાગરીક રુ ૩ આપી ૫ ઉમેદવારોને સ્વીકૃતિ આપી શકશે , અને નાગરીક રુ ૩ આપી કોઇપણ દિવસે સ્વીકૃતિ બદલી શકશે.
   - જો કોઇ ઉમેદવારને ભારતનાં કુલ મતદારોનાં ૫૦ ટકાથી વધારે નાગરીકોની સ્વીકૃતિ મળશે, તો પ્રધાનમંત્રી તેને NLRO નિમશે
   - જો કોઇ ઉમેદવારને ૫૦ ટકાથી વધારે અને ચાલુ NLRO ના કરતા બે ટકા નાગરીકોથી વધારે સ્વીકૃતિઓ મળેલ હોયતો પ્રધાનમંત્રી તેને NLRO નિમશે
2. NLRO ભારતનાં તમામ બિન-ખાનગી પ્લોટૉની જે ભારત સરકારના હસ્તક હોય તેની ફાળવાણી કરશે

<u>ભાડાની ઉઘરાણી</u>

3. આ ચોથા વટહુકમમાં એક કલમ આ પ્રમાણે છે: ભારતના નાગરીકો નક્કી અને જાહેર કરે છે કે મેનેજમેન્ટ વસ્ત્રાપુર અમદાવાદનો પ્લોટ, દિલહીની નહેરુ યુનિવર્સીટીનો પ્લોટ, ગુજરાત વિદ્યાપીઠનો પ્લોટ, તમામ IIM નો પ્લોટ , તમામ એર્પોર્ટોનાં પ્લોટ, તમામ કેન્દ્ર સરકાર આધીન કોલેજોના પ્લોટો નાગરીકોની સમાન માલિકીનાં પ્લોટૉ છે. તે ઉપરાંત તમામ બિન-ખાનગી પ્લોટો જે ભારત સરકારને હસ્તક છે, તે નાગરીકોની માલીકીના છે. કોઇપણ અધિકારી, મંત્રી અને ન્યાયાધીશને આ નાગરીકોનાં નિર્ણયની વિરુદ્ધ અર્જી ન લેવાની સ્પષ્ટ વિનંતી કરવામાં આવે છે.
4. આ ચોથા વટહુકમમાં એક અન્ય કલમ છે : નીચેનાં તમામ પ્લોટો પણ નાગરીકોની માલીકીના છે, અને NLRO હસ્તક આવશે.
   - એરપોર્ટો , અયર ઇન્ડીયા અને ઇન્ડીયલ એયર્લાઇન્સના તમામ મકાનો, પ્લોટો
   - કેન્દ્ર સરાકાર આધીન તમામ વિજ્ઞાન , ઇન્જીનિયરીંગ સિવાયની કોલેજો
   - કનજ્યુમર અફેર્ય વિભાગ , માહિતી અને પ્રસારણ ખાતુ
   - માહિતી ટેકનોલોજી (ઇન્ફર્મેશન ટેકનોલોજી ) નો વિભાગ
   - સ્પોર્ટસ ખાતુ
   - શહેરી વિકાસ અને ગરીબી નિવારણ ખાતુ
   - નાના ઉદ્યોગોનું ખાતુ, પર્યટન ખાતુ , કપડા ઉદ્યોગ ખાતુ
   - પ્લનીંગ કમીશની જમીનો
5. સેના, પોલીસ, અદાલતો, રેલ્વે, બસ, ૧-૧૨ ધોરણની સરકારી શાળોનાં પ્લોટો ભાદા અધિકારી હેઠળ નહિં આવે. તેમજ, એક અન્ય વટહુકમની કલમ છે વિજ્ઞાન , ઇન્જીનિયરીંગ સિવાયની કોલેજો **DRDO** (સેના ટેકનોલોજી સંગઠન)ના હસ્તક આવશે.
6. ભાડા અધિકારી વપરાશમાં નઆવતી જમીનને પ્લોટમાં વિભાજીત કરી ભાડાઓ માટે નીચે મુજબ હરાજી કરશે.
   - ભાડાની લીઝની મુદ્દત ૫, ૧૦, ૧૫, ૨૦ અથવા ૨૫ વર્ષ રહશે. લીઝની મુદ્દત ૨૫ વર્ષથી નહીં વધે.
   - હરાજીમાં ભાગ લેનારાઓ આવતા ત્રણ વર્ષનું માસિક ભાડું અને તેમને કેટલા વર્ષોની લીઝ જોઇએ છે તેની જાહેરાત કરશે. જેનું મટીર દીઠ ભાડૂ વધારે હશે તેને વધારે પોઇન્ટ મળશે અને જેની લીઝની માંગણી ઓછી હશે, તેને વધારે પોઇન્ટ મળશે (વિગતો માટે ધોષણાપત્રમાં આપેલ વટહુકમનો ડ્રાફ્ટ વાંચવા વિનંતી)
   - હરાજી જાહેરમા થશે
   - ભાડા અધિકારી ૩ મહીનાનું ભાડુ એડવાન્સ પેટે લેશે અને અન્ય ૧૨ મહીનાના ભાડાની જામીન આપશે.
7. દર ૩ વર્ષે ભાડા અધિકારી પ્લોટોનું ભાડુ તે વિસ્તારનાં જમીનનાં ભાવોમાં વધઘટ અને વ્યાજદરમાં વધઘટનાં આધારે નવુ ભાડુ નક્કી કરશે.
8. લીઝ પત્યા પછી ભાડા અધિકારી ફરી હરાજી રાખશે જેમાં ચાલુ ભાડુઆતને ૫૦ ટકા રાહત આપવામાં આવશે. જો ભાડુઆતને નવી લીઝ ન મળે તો, તે તેનું બાંધકામ ખસેડી/વેચી શકે. તેને જમીન ખાલી કર્યા પછી ૨ થી ૧૨ મહીના સુધી નવા ભાડાના ૫૦ ટકા મળશે.
9. લીઝ પત્યા પછી ચાલુ ભાડુઆતે જમીન ખાલી કરવી પડશે

10. જો પ્લોટનો ઉપયોગ ચાલુ હશે (દા. ત એરપોર્ટ, મેનેજમેન્ટ વસ્ત્રાપુર વગેરે) તો અધિકારી તે પ્લોટનાં ૧ કીમી હદમાં આવતા બિન-ખેતીનાં પ્લોટોનાં થયેલ છેલ્લા ૩ વર્ષોમાં સોદાઓમાં જે જમીનનો ભાવ હોય, તે ભાવ લઇ પ્રાઇમ ડીપોઝીટ રેટ (ચાલુ વ્યાજદર) લઇ (જમીનભાવ * વ્યાજદર/૩) નું ભાડૂ વસુલસે અને ૧૦ વર્ષ પછી હરાજી દ્વારા નક્કી કરશે.

ભાડાનૂં વિતરણ

11. ભાડા અધિકારી ભાડાનાં ૩૪ ટકા સેનામંત્રીને આપશે
12. ભાડા અધિકારી ભાડાનાં ૬૬ ટકા ભારતનાં નાગરીકોને દર મહીને આપશે
13. ભાડા અધિકારી ભાડાનાં ૬૬ ટકા ભારતનાં નાગરીકોને દર મહીને આપશે
14. જેમની ઉંમર ૭ વર્ષથી નીચે છે, તેમને ૨૫ ટકા, ૭ થી ૧૮ છે તેમને ૫૦ ટકા અને ૧૮ ઉપરનાને સંપુર્ણ ભાડૂ મળશે.
15. ભાડા અધિકારી કાયદો પસાર થયાનાં ૧ વર્ષ પછીનિચ્હે ની કલમો અમલમાં લાવશે
    - જેને એકપણ સંતાન નથી તેમને ૩૩ ટકા વધુ ભાડુ મળશે
    - જેને એક દિકરી છે તેને ૩૩ ટકા વધારે આપશે
    - જેને (એક દિકરો) અથવા (એક દિકરો , એક દિકરી) છે તેને ૧૭ ટકા વધારે આપશે
    - જેને (બે દિકરા) અથવા (બે દિકરી, એક દિકરો) છે કોઇ વધારો , ઘટાડો નહી થાય
    - જેને (બે દિકરી એક દિકરો) અથવા (બે દિકરા) થી એક સંતાન વધારે છે, જેમાં એક સંતાન કાયદા પસાર થયાનાં ૧ વર્ષ પછી થયુ છે, તેમને ૩૩ ટકા ભાડુ ઓછું મળશે
    - જેને (બે દિકરી એક દિકરો) અથવા (બે દિકરા) થી બે સંતાન વધારે છે, જેમાં એક સંતાન કાયદા પસાર થયાનાં ૨ વર્ષ પછી થયુ છે, તેમને ૬૬ ટકા ભાડુ ઓછું મળશે
16. જેમની ઉંમર ૬૦ વર્ષથી ઉપર છે, તેમને ૩૩ ટકા અને જેમની ઉમર ૭૫ વર્ષોથી વધુ છે, તેમને ૬૬ ટકા વધારે મળશે.

### 5.3 ખાણૉની રોયાલ્ટીની વહેંચણી

ભાડા અધિકારી ખાણૉની રોયાલ્ટી પણ ૩૪ ટકા સેનાને અને ૬૬ ટકા નાગરીકોને જમીનનાં ભાડા મુજબ આપશે.

### 5.4 જમીનનાં ભાડા અને ખાણૉની રોયાલ્ટી કેટલી થશે?

ભારત સરકાર પાસે ૫૦૦૦૦ થી વધારે પ્લોટો છે, જેમાંથી અમુક પ્લૉટૉની વિગત નીચે પ્રમાણે છે.

| પ્લૉટનુ નામ | ક્ષેત્રફળ | મીટરનો ભાવ | પ્લોટનો ભાવ |
|---|---|---|---|
| મેનેજમેન્ટ વસ્ત્રાપુર, અમદાવાદ | 100 એકર | Rs 40,000 | Rs 1,400 કરૉડ |
| મેનેજમેન્ટ લખનઉ | 200 એકર | Rs 20,000 | Rs 1,600 કરૉડ |
| મેનેજમેન્ટ લખનઉ (નોઇડા) | 10 એકર | Rs 50,000 | Rs 200 કરૉડ |
| મેનેજમેન્ટ કલકત્તા | 135 એકર | Rs 20,000 | Rs 1,000 કરૉડ |
| મેનેજમેન્ટ ઇન્દોર | 190 એકર | Rs 15,000 | Rs 500 કરૉડ |
| નેહરુ કોલેજ, દિલ્હી | 1000 એકર | Rs 40,000 | Rs 16,000 કરૉડ |
| ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ | 25 એકર | Rs 40,000 | Rs 400 કરૉડ |
| ગુજરાત યુનિવર્સીટી | 250 એકર | Rs 35,000 | Rs 3,500 કરૉડ |
| TOTAL | | | Rs 27,000 કરૉડ |

આ પ્લોટોનું કેટલુ ભાડૂ આવી શે? આ નવ પ્લોટોનુ કુલ કિંમતનાં વર્ષનાં ૩ ટકાનાં લેખે Rs 27,000 કરૉડ * 3/100 = Rs 810 કરૉડ વાર્ષિક મળી શકે અથવા નાગરીકદીઠ વાર્ષિક રુ ૭ થશે. એક બીજો દાખલો નીચે પ્રમાણે છે :

| પ્લૉટનુ નામ | ક્ષેત્રફળ | મીટરનો ભાવ | પ્લોટનો ભાવ |
|---|---|---|---|
| અમદાવાદ એરપોર્ટ | 1850 એકર | Rs 40,000 | Rs 29,600 કરૉડ |
| મુંબઇ એરપોર્ટ | 1100 એકર | Rs 100,000 | Rs 44,600 કરૉડ |
| દિલ્હી એરપોર્ટ | 5000 એકર | Rs 100,000 | Rs 200,000 કરૉડ |
| બેંગલોર એરપોર્ટ (નવુ) | 4050 એકર | Rs 10,000 | Rs 32,400 કરૉડ |
| બેંગલોર એરપોર્ટ (જુનુ) | 1000 એકર | Rs 100,000 | Rs 40,000 કરૉડ |
| કલકત્તા એરપોર્ટ | 1500 એકર | Rs 30,000 | Rs 18,000 કરૉડ |

| | | | |
|---|---|---|---|
| મદ્રાસ એરપોર્ટ | 4800 એકર | Rs 40,000 | Rs 76,800 કરોડ |
| TOTAL | | | Rs 440,800 કરોડ |

આ ૭ પ્લોટોનું કેટલુ ભાડૂ આવી શે? આ ૭ પ્લોટોનુ કુલ કિંમતનાં વર્ષનાં ૩ ટકાનાં લેખે Rs 440,800 કરોડ * 3/100 = Rs 13,244 કરોડ વાર્ષિક મળી શકે અથવા નાગરીકદીઠ વાર્ષિક રુ ૧૨૦ થશે. આ માત્ર ૧૬ પ્લોટો છે. આવા સરકાર પાસે ૫૦૦૦૦ પ્લોટો છે. એક પ્લોટનું ભાડૂ નાગરીકદીઠ વાર્ષિક ૨૦ પૈસા પણ હોય તો પણ કુલ વાર્ષિક ભાડુ નાગરીકદીઠ રુ ૧૦,૦૦૦ વાર્ષિક થાય.

ખાણોની રોયાલ્ટી પણ એક મોટી રકમ છે. તમામ ખાણો જેમકે પેટ્રોલનાં કુવાઓ, કુદરતી ગેસ, કોલસા, લોખંડ, એલ્યુમિનિયમ, આરસપાણ, ત્રાંબુ, ગેનાઇટ વગેરેની ખાણોંમાંથી નાગરીકદિઠ રુ ૫૦૦૦ આવે છે. આ રુપિયા ખાણ-માફિયો દ્વારા પૈસાદારો, અધિકારીઓ, નેતાઓ વગેરે ખાય જાય છે. ચોથા વટહુકમમાં નાગરીકો પાસે ભાડા અધિકારીને બદલાવાની સત્તા હોવાથી નાગરીકો એવા અધિકારી લાવી શકશે જેને નાગરીકોને ભાડૂ અપાવવાની ઇચ્છા હોઇ. આમ જમીન અને ખાણોંથી કુલ રુ ૧૫૦૦૦ થી ૧૮૦૦૦ નાગરીકદીઠ વાર્ષિક આવશે. જેમાથી ૬૬ ટકા એટલેકે રુ ૧૦૦૦૦ થી રુ ૧૨૦૦૦ નાગરીકો મળશે અને ૩૩ ટકા એટલે કે વાર્ષિક આશરે રુ ૫૦૦,૦૦૦ કરોડ આવશે. આ તમામ આવક નાગરીકોની માલીકીની જમીનો અને ખાણોમાંથી છે -- પૈસાદારો પર કરવેરા નાખી ગરીબોને આવવાની કોઇ વાત નથી. અમારા ૧૦૦-૧૨૦ જેટલા સુચવેલ વટહુકમોમાંનો સૌથી મહત્વનો વટહુકમ તે આ ચોથો વટહુકમ છે.

### 5.5 જમીન-ભાડાનાં ઉઘરાવવાથી થતા ફેરફારો

જમીનનાં ભાડા ઉપરાંત અમારી એક અન્ય દર્ખાસ્ત છે : તમામ વ્યક્તિઓ જેમની પાસે બિન-ખેતીની વ્યક્તિદીઠ ૭૫ મીટરથી વઢરે જનીન છે, તેમની પાસેથી પોલીસ-અદાલતો-સેના વગેરે ચલાવવા જમીનની કીંમતનાં ૧ ટકો વહીવટી ખર્ચો લેવો (આ ૧ ટકાને નાગરીકોમાં વહેંચવાના નથી). જમીન ભાડાથી અર્થતંત્રપર બેમાંથી એક અથવા બન્ને ફેરફારો થશે ---

1. જો જમીનોના ભાવ નહીં ઘટે તો સામાન્ય નાગરીકોને વાર્ષિક રુ ૮૦૦૦ થી રુ ૧૦૦૦૦ નું ભાડૂ મળશે
2. અથવા જમીનોનાં ભાવ ઘટશે

(૨) થવાની શક્યતા વધારે છે. જો જમીનોનાં ભાવ ધટશે, તો અનેક લોકો ઝુપડામાંથી ૧ રુમ- રસોડાનાં ફ્લેટમાં અને ૧ રુમ- રસોડાનાં ફ્લેટમાંથી ૧ BHK ના ફ્લેટમાં જઇ શકશે. તે ઉપરાંત જમીનનાં ભાવ ધટવાથી અનેક લોકો ઓછા ખર્ચે દુકાન ફેકટરી ખોલી શકશે અને તેનાથી રોજગારો અને પગારો વધશે. જમીનનાં ભાડા અને ખાણોંની રોયાલ્ટી મળવાથી નાગરીકોની ખરીદ શતિ પણ વધશે જેનાથી ઉધોગો વધશે. આમ જમીનનાં ભાડા અને ખાણોની રોયાલ્ટી નાગરીકોને મળવાથી ગરીબી ધટશે, રોજગારો વધશે અને સાથે સાથે સેનાની શક્તિમાં પણ વધારો થશે.

## ૬ ચોથી માંગણી – નાગરીકો પ્રધાનમંત્રીઓ, મુખ્યમંત્રીઓ બદલી શકે

અમારા દ્વારા પ્રસ્તાવિત ચોથા વટહુકમમાં રાષ્ટ્રીય સ્તરે નાગરીકોને પાંચ વર્ષ રાહ જોયા વિના પ્રધાનમંત્રી બદલવાની (recall) અને રાજ્ય સ્તરે નાગરીકોને મુખ્યમંત્રી બદલવાની પ્રોસીજર આપે છે. આ પ્રોસીજર નીચે પ્રમાણે છે :

1. કોઇપણ નાગરીક પોતાને કેબીનેટ સેક્રેટરી પાસે સાસદની ડિપોજગીટ આપી પોતાને પ્રધાનમંત્રીનાં ઉમેદવાર તરીકે નોંધાવી શકે
2. કોઇપણ નાગરીક રુ ૩ આપી ૫ ઉમેદવારોને સ્વીકૃતિ આપી શકશે
3. કલેક્ટર આ સ્વીકૃતિઓને નાગરીક્નાં નામ, મતદાર નંબર સહિત સરકારનાં વેબસાઇટ પર મુકશે.
4. નાગરીક રુ ૩ આપી કોઇપણ દિવસે સ્વીકૃતિ બદલી શકશે અથવા પાછી ખેંચી શકશે
5. નાગરીક સ્વીકૃતિ પાછી ન ખેંચે, ત્યાં સુધી ચાલુ રહશે.
6. કેબીનેટ સેક્રેટરી દર સોમવારે તમામ ઉમેદવારોની સ્વીકૃતિનાં આંકડા આપશે
7. ચાલુ પ્રધાનમંત્રીનો સ્વીકૃતિ આંક તેને મળેલ સ્વીકૃતિઓ અથવા તેને ટેકો જાહેર કરેલ સાસદોને મળેલ મતોનો સરવાળો , આ બેમાંથી જે વધારે હોઇ તે ગણાશે.
8. જો કોઇ ઉમેદવારને ચાલુ પ્રધાનમંત્રી કરતા ૨ ટકા વધારે સ્વીકૃતિઓ મળેલ હોય તો પ્રધાનમંત્રી રાજીનમુ આપશે અને રાષ્ટ્રપતિ નવા વ્યક્તિને પ્રધાનમંત્રી નિમશે

દાખલાઓ

ભારતમા ૭૫ કરોડ મતદારો છે. જુન-૨૦૦૮માં પ્રધાનમંત્રી મનમોહનસિંહને જે ૩૦૦ સાંસદોનો ટેકો મળેલ છે, તેમને ૧૮ કરોડ મત મળેલ છે. એટલે પ્રસ્તાવિત વટહુકમ પ્રમાણે તેની સ્વીકૃતિનો , જો તેમને મળેલ સ્વીકૃતિઓ ૧૮ કરોડથી ઓછી હોય, તો

આંક ૧૮ કરોડ થાય. દેશમાં ૭૫ કરોડ મતદારો છે. એના બે ટકા એટલે કે ૧.૫ કરોડ વધારે એટલેકે જો કોઇ ઉમેદવારને ૧૯.૫ કરોડ નાગરીકોની સ્વીકૃતિ મળે, તો તે પ્રધાનમંત્રી બનશે. તેમજ ગુજરાતમાં જુન-૨૦૦૮નાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને જે ધારાસભ્યોને ટેકો આપેલ છે, તેના મતોનો સરવાળો આશરે ૧.૨૪ કરોડ છે. ગુજરાતમાં આશરે ૩.૮ કરોડ મતદારો છે. આથી જો તેના બે ટકા વધારે એટલેકે ૦.૦૭૮ કરોડ વધારે એટલે જો કોઇને ૧.૩૧૮ કરોડ મતદારોની સ્વીકૃતિ મળે, તો પ્રસ્તાવિત વટહુકમ પ્રમાણે તે નવા મુખ્યમંત્રી બનશે.

<u>ચોથા વટહુકમની અસરો</u>

આજે તમામ પ્રધાનમંત્રીઓ અને મુખ્યમંત્રીઓ બેફામ બન્યા છે, તેનું એકમાત્ર કારણ છે, કે નાગરીકો પાસે તમેને પાંચ વર્ષ સુધી બદલવાની કોઇ સત્તા નથી. અને પાંચ વર્ષમાં તે સત્તા અને પૈસાથી વિકલ્પોને નબળા પાડી દે છે, જેનાથી પાંચ વર્ષો પછી તેની ફરી આવવાની શક્યતાઓ વધી જાય છે. ભારતમા લોકોનાં ટેકા વાળા અનેક નેતાઓ છે, પણ લોકોનું દબાણ હોય તેવા નેતા નથી. અમારા દ્વારા સુચવેલ પાંચમો વટહુકમ નાગરીકોને ‘લોક દબાણ’ વાળા નેતાઓ ઉભા કરવાની તક અને સત્તા આપે છે. અમારી પાર્ટી દ્વારા પ્રસ્તાવિત પાંચમો વટહુકમ આ સમસ્યાનો અંત લાવે છે. નાગરીકોએ મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી પર આંદોલન અથવા ચુંટણી દ્વારા ત્રીજા વટહુકમ પર સહી કરાવી લેવડાવી જોઇએ અને ત્રીજા વટહુકમ દ્વારા તેમણે (આંદોલન અને ચુંટણી વગર) આ પાંચમા વટહુકમ પર સહી કરાવી લેવી જોઇએ.

**૭ ચોથી માંગણીના વટહુકમનું , અધ્યાદેશનું લખાણ (કેન્દ્ર સ્તરે)**

(આનો અનુવાદ અને સમયનાં અભાવે નથી કરી શક્યા અને પછીથી કરીશુ)

<u>Govt Order : Registering citizens Approvals for PM candidates</u>

| # | Procedure for | Procedure / instruction |
|---|---|---|
| 1 | - | The word citizen would mean a registered voter |
| 2 | Cabinet Secretary | If any citizen of India above 25 years of age wishes to become PM, he can appear before Cabinet Secretary who would issue him a serial number after taking filing fee same as deposit amount for MP election. |
| 3 | Talati , (or Talati’s Clerks) | If a citizen of that district comes in person to Talati’s office, pays Rs 5 fee , and approves at most five persons for the PM position, the Talati would enter his approvals in the computer and would him a receipt with his voter-id#, date/time and the persons he approved. If a the citizen comes to cancel his Approvals, the Talati will cancel one of more of his approvals without any fee. |
| 4 | Talati | The Talati will put the preferences of the citizen on district’s website with citizen’s voter-ID number and his preferences. |
| 5 | Cabinet Secretary | On every Monday, the CS will publish Approval counts for each candidate. |

<u>Govt Ordinance : Replacement of PM</u>

| # | Procedure for | Procedure / instruction |
|---|---|---|
| 1 | - | The word citizen would mean a registered voter |
| 2 | PM | The first PM shall count his approval count as higher of the following two<br>o number of citizens who have approved him<br>o sum of votes obtained by Loksabha MPs who have supported him |

| | | |
|---|---|---|
| 3 | PM | If a candidate gets approval 2% above the Approvals existing PM has, then existing CM will resign and ask MLAs to appoint approved person as new PM. |
| 4 | Loksabha MPs | The MPs **<u>may</u>** elect the person stated in clause-3 as new PM. |
| 5 | PM | For the next PMs who have become PM via clause-3, the Approval count will be only the number of citizens who have approved him. |

## ૮ પાંચમી માંગણી - નાગરીકો સુપ્રિમનાં વડા ન્યાયાધીશ બદલી શકે

ભારતીયોના દુઃખોનું એક મહત્વનું કારણ છે – તેમની પાસે ન્યાયાધીશો બદલવાની પ્રોસીજર નથી અને મંત્રીઓ બદલવાની કોઇ પ્રોસીજર નથી. અમે પાંચમી માંગણી નાગરીકોને પ્રધાનમંત્રી બદલવાની સત્તા મળે છે. નીચેના કાયદા દ્વારા અમો સામાન્ય નાગરીકોને સુપ્રિમનાં વડા જજ બદલવાની બંધારણની સત્તા મળશે. નાગરીકો આ કાયદો બીજા વટહુકમ પર પ્રધાનમંત્રીની સહી લિધા પછી જાતેજ પસાર સરી શકશે, તેના માટે અમોને ચુંટવા જરા પણ આવશ્યક નથી

૧. કોઇપણ નાગરીક પોતાને કેબીનેટ સેક્રેટરી પાસે સાસદની ડિપોઝીટ આપી પોતાને રાષ્ટ્ર માન્ય કાયદાશાસ્ત્રી NRJ (Nationally Recognized Jurist) ની પોસ્ટ માટે ઇમેદવાર તરીકે નોંધાવી શકશે.
૨. કોઇપણ નાગરીક રુ ૩ આપી ૫ ઉમેદવારોને સ્વીકૃતિ આપી શકશે
૩. નાગરીક રુ ૩ આપી કોઇપણ દિવસે સ્વીકૃતિ બદલી શકશે અથવા પાછી ખેંચી શકશે.
૪. નાગરીક સ્વીકૃતિ પાછી ન ખેંચે, ત્યાં સુધી ચાલુ રહશે.
૫. કલેક્ટર આ સ્વીકૃતિઓને નાગરીક્નાં નામ, મતદાર નંબર સહિત સરકારનાં વેબસાઇટ પર મુકશે. કેબીનેટ સેક્રેટરી દર સોમવારે તમામ ઉમેદવારોની સ્વીકૃતિનાં આંકડા આપશે
૬. જો કોઇ નાગરીકને ૫૧ ટકા નાગરીકોની સ્વીકૃતિ મળે તો અને તે ચાલુ મુખ્ય ન્યાયાધીશની સ્વીકૃતિ કરતા ૨ ટકા વધારે હોય તો, પ્રધાનમંત્રી તેને સંસદ મારફત સુપ્રિમના તમામ જજોને મોકલશે.
૭. જો સુપ્રિમના તમામ જજો ૩૦ દિવસમાં ‘રાષ્ટ્ર માન્ય કાયદાશાસ્ત્રી’ ની મુખ્ય જજ તરીક્ની નિમણુંક માટે સ્વીકૃતિ ન આપે, તો પ્રધાનમંત્રી અને તમામ સાંસદો રાજીનામુ આપશે.

જે વ્યક્તિને ૫૧ ટકા નગરીકોનો ટેકો હોય તેને સુપ્રિમનો એકપણ જજ વિરોધ કરશે કે નહીં અને વિરોધ કરશે તો તેના શું પરિણામ આવશે, તેની વિગતવાર ચર્ચા પછીથી કરીશુ. આ પ્રોસીજરની તમામ કલમો બંધારણ સાથે સુસંગત છે. હવે જે લોકો એમ માનતા હોય કે પ્રજા પાસે જજ બદલવાની સત્તા હોવીજ ન જોઇએ, તેવા નાગરીકોના વિરોધી બુદ્ધીશાળીઓ સાથે અમારે કોઇ ચર્ચા નથી કરવી.

## ૯ પાંચમી મંગણી (નાગરીકો સુપ્રિમનાં વડા જજ બદલી શકે) તે માટેના અધ્યાદેશનું લખાણ

(આનો ગુજરાતી અનુવાદ અમે પછીથી આપશુ)

<u>Govt Order : Registration of citizens’ YES/NO for Nationally recognized Jurist</u>

| | <u>Procedure for</u> | <u>Procedure / instruction</u> |
|---|---|---|
| 1 | - | The word citizen would mean a registered voter |
| 2 | Cabinet Secretary | If any citizen of India wishes to become **NRJ (Nationally Recognized Jurist)** , and he appears in person or via a lawyer with affidavit before the Cabinet Secretary, the Secretary would accept his candidacy for NRJ after taking filing fee same as deposit amount for MP election. |
| 3 | Talati , (or Talati’s Clerks) | If a citizen of that district comes in person to Talati’s office, pays Rs 3 fee , and approves at most five persons for the NRJ position, the Talati would enter his approvals in the computer and would him a receipt with his voter-id#, date/time and |

| | | |
|---|---|---|
| | | the persons he approved. |
| 4 | Talati | The Talati will put the preferences of the citizen on district's website with citizen's voter-ID number and his preferences. |
| 5 | Talati | If a the citizen comes to cancel his Approvals, the Talati will cancel one of more of his approvals without any fee. |
| 6 | Cabinet Secretary | On every 5th of month, the CS will publish Approval counts for each candidate as on last date of the previous month. |
| 7 | PM | If a candidate gets approval of over 34% of ALL registered citizen-voters (ALL, not just those who have filed their approval) in a district, then PM will appoint him as NRJ |
| 8 | PM | If a candidate gets approval of over 50% of ALL registered voters (ALL, not just those who have filed their approval) and the Approval count is 2% more than all NRJs, then PM **may** send the name of the most approved NRJ to the Chief Judge of India asking him if he is appropriate for the position of Supreme Court Chief judge. |

Govt Ordinance : Resignation of PM/MPs

| # | Procedure for | Procedure / instruction |
|---|---|---|
| 1 | PM , all Loksabha MPs | 1. If the CJI and every other SCjs recommend that the most approved NRJ should be new CJI, and the existing CjI resigns, within 30 days, then and then only the PM will appoint that NRJ as Chief Justice of India.<br>2. However, if any one of the Supreme Court judge refuses to accept appointment of NRJ as the Chief judge, or gives no response within 30 days, then PM and all MPs **may** resign and declare new election. |

આ પ્રોસીજરની તમામ કલમો બંધારણ સાથે સુસંગત છે. નાગરીકોએ લોક-આંદોલન દ્વારા પ્રધાનમંત્રી પાસેથી બીજા વટહુકમ પર સહી લઇ લેવી જોઇએ. અને પછી ઉપર સુચવેલ વટહુકમ અને અધ્યાદેશ પર ૫૦ ટકા નાગરીકો હા નોધાવે, તો બીજા વટહુકમ મુજબ પ્રધાનમંત્રીએ તેના પર સહી કરી આપશે અને તેનાથી નાગરીકોને સુપ્રિમનાં મુખ્ય જજ બદવાનો બધારણીય હક્ક અપાવતી અને બધારણીય ફરજ માટે જરુરી પ્રોસિજર મળી જશે.

### ૧૦ અન્ય માંગણીઓ

અમે આશરે ૧૦૦-૧૨૦ વટહુકમોની માંગણી કરી છે, જેમાનાં અમુક નીચે પ્રમાણે છે.

પ્રથમ પાંચ માંગણીઓ

(ઉપર મુજબ)

ચુસ્ત કટ્ટર લોકશાહીવાદ

અમે પ્રથમ બે વહીવટી હુકમો આંદોલન-ચુંટણીથી અને નેતાઓને દબાવી પસાર કરવીશું અને પછીનાં તમામ કાયદાઓ ૫૦ ટકાથી વધારે નાગરીકોની હા થી પસાર કરાવશુ. અમે સાંસદોને આ કાયદાઓ પસાર કરતા રોકશુ નહીં પણ અમે માત્ર લોકમતથીજ કાયદાઓ પસાર કરાવશુ.

ગરીબી ઘટાડવા માટેનાં કાયદાઓ

૧. નાગરીકોને તમામ ખાણો અને પેટ્રોલનાં કુવાઓની ૨/૩ રોયાલ્ટી અપાવવી
૨. નાગરીકોને તમામ સરકારી પ્લોટ દા.ત. મેનેજમેન્ટ વસ્ત્રાપુર પ્લોટ, દિલ્હીની નેહરુ યુનિ. પ્લોટ, એરપોર્ટોનાં પ્લોટો વગેરેનું ૨/૩ ભાડૂ નાગરીકોને અપાવવુ
૩. નાગરીકો રિઝર્વ બૈંકનાં ગવર્નર બદલી શકે તેવી પ્રોસીજર ઉભી કરવી
૪. એક્સાઝ, વેટ, સેલ્સ ટેક્ષ, સર્વિસ ટેક્ષ રદ્દ કરવા ; ૧૦૦ મીટરથી વધારે બિન-ખેતી જમીનવાળા વ્યક્તિઓની જમીનપર માર્કેટ કિંમતનાં ૨ ટકા મિલકત વેરો નાખવો જેનો ઉપયોગ માત્ર સેના, પોલીસ વગેરે માટે થશે
૫. જેને ૨ થી ઓછા બાળકો હોય તેને આર્થિક લાભ આપવા
૬. ૬૦ વર્ષથી ઉપરનાને વધારે ભાડુ આપવુ

સેનાના વિકાસ માટેનાં પગલોઓ

૧. સેનાને તમામ ખાણો અને પેટ્રોલનાં કુવાઓની ૧/૩ રોયાલ્ટી અપાવવી
૨. સેનાને તમામ સરકારી પ્લોટ દા.ત. મેનેજમેન્ટ વસ્ત્રાપુર પ્લોટ, દિલ્હીની નેહરુ યુનિ. પ્લોટ, એરપોર્ટોનાં પ્લોટો વગેરેનું ૨/૩ ભાડૂ નાગરીકોને અપાવવુ
૩. ૧૦૦ મીટરથી વધારે બિન-ખેતી જમીનવાળા વ્યક્તિઓની જમીનપર માર્કેટ કિંમતનાં ૧ ટકા મિલકત વેરો નાખવો અને તેનો ઉપયોગ માત્ર સેના માટે કરવો
૪. સૈનિકોની સંખ્યા ૧૦,૦૦,૦૦૦ થી વધારી ૪૦,૦૦,૦૦૦ કરવી
૫. સૈનિકોનો પગાર ૨૦૦ ટકા વધારવો
૬. શસ્ત્રોનાં ઉત્પાદન માટે ૨૦૦,૦૦૦ ઇજનેરો અને ૨૦,૦૦,૦૦૦ કારીગરો, મજુરોની ભર્તી કરવી
૭. સોળ વર્ષથી ઉપરનાં તમામ વ્યક્તિઓને હથિયારો ચલાવની ટ્રેનીંગ આપવી અને ફરિજિયાત કરવી
૮. ૩૦૦૦ કીલોટનનો અણુ ધડાકોનો અખતરો કરી ચીન સાથે સમક્ષતા મેળવવી. ચીન જેટલા અણૂશસ્ત્રોનું ભાર્તે પણ ઉત્પાદન કરવુ

પોલીસ-તંત્ર ને લખતા કાયદાઓ

૧. 'નાગરીક ઓળખની' વ્યવસ્થા ઉભી કરવી જેથી પોલીસ આરોપીઓને સહેલાઇથી પકડી શકે.
૨. નાગરીકો લિલ્લા પોલીસ ચીફ બદલી શકે, તેવી વ્યવસ્થા ઉભી કરવી
૩. જ્યુરી આરોપમાં સંડોવાયેલ પોલીસ અધિકારીને બદલી શકે તે માટે જ્યુરી પ્રથા ઉભી કરવી
૪. ૧૦૦ મીટરથી વધારે બિન-ખેતી જમીનવાળા વ્યક્તિઓની જમીનપર માર્કેટ કિંમતનાં ૦.૫ ટકા મિલકત વેરો નાખવો અને તેનો ઉપયોગ માત્ર પોલીસ, અદાલતો માટે કરવો
૫. પોલીસ અધિકારીઓનો પગાર આશરે ૧૦૦ ટકા વધારવો
૬. તમામ પોલીસ રેકર્ડનું કોમ્પુટરીકરણ કરવુ
૭. પોલીસની ભર્તી માત્ર લેખિત પરીક્ષા અને શારીરિક પરીક્ષાઓથી કરવી, ઇન્ટર્વ્યુ પ્રથા રદ્દ કરવી

અદાલતો સુધારવા માટેનાં કાયદાઓ

૧. 'નાગરીક ઓળખની' વ્યવસ્થા ઉભી કરવી જેથી અદાલતો આરોપીઓના કેસો રાષ્ટ્રીય સ્તરે સાચવી, ગોતી શકે
૨. ૧૦૦ મીટરથી વધારે બિન-ખેતી જમીનવાળા વ્યક્તિઓની જમીનપર માર્કેટ કિંમતનાં ૦.૫ ટકા મિલકત વેરો નાખવો અને તેનો ઉપયોગ માત્ર પોલીસ, અદાલતો માટે કરવો
૩. અમે અદાલતોમાં ન્યાયાધીશો અને સગા-મિત્ર વકીલોની સાંઠગાંઠની અસર ઘટાડવા નિચેના ફેરો માગીએ છીએ
   - નાગરીકો સુપ્રિમના, હાઇના અને જિલ્લાના વડા ન્યાયાધીશ બદલી શકે તેવી વ્યસ્થા ઉભી કરવી
   - નાગરીકો આરોપીત જજને કાઢી શકે તેવી જ્યુરી પ્રથા ઉભી કરવી
   - જજ-પ્રથા રદ્દ કરી જિલ્લાથી સુપ્રિમ તમામ અદાલતોમાં જ્યુરી-પ્રથા ઉભી કરવી જેથી ન્યાયાધીશો અને સગા વકીલોની સાંઠગાઠની અસરો ઘટે.
૪. ન્યાયાધીશોની નિમણુંકમાં ચાલતા સગાવાદનો અંત લાવવા અમે નીચેનાં નિયમો સુચવ્યે છીએ નાગરીકો વટહુકમ
   - નાગરીકો સુપ્રિમના, હાઇના અને જિલ્લાના વડા ન્યાયાધીશની નિમણૂંક ચુંટણીથી કરશે
   - નિચલી અને હાઇ કોર્ટોમાં તમામ ન્યાયાધીશેની નિમણુંક લેખિત પરીક્ષામાત્રથી કરવી, કોઇ ઇન્ટરવ્યુ નહીં

- ○ તમામ બદલીઓ માત્ર લોટરીથી કરવી, વ્યક્તિગત નિર્ણયોથી નહીં

૫. અદાલતોની સંખ્યા ૧૩૦૦૦થી વધારો ૧૦૦,૦૦ કરવી જેથી ૩ કરોડ ચાલુ કેસોનો ઉકેલ ૩-૪ વર્ષોમાં આવી શકે અને તે પછી કેસોનાં ચુકાદાઓ ૧-૪ અઠવાડીયામાં આવી શકે

૬. નાગરીકોને જનહિત અર્જીઓ પર રુ ૩ આપી હા-ના નોંધાવા દેવી, જે ન્યાયાધીશ ઉપર બંધનકર્તા નહીં હોય

૭. ધોરણ ૮ અથવા વાલી કહે તે ધોરણથી કાયદાનું શિક્ષણ આપવુ, તમામ વયસ્કોને પણ કાયદાનું શિક્ષણ આપવુ

૮. અદાલતોનાં રેકડોનું કોમુપુટરીકર કરવુ અને ઇન્ટરનેટ પર મુકવા

૯. પક્ષકારોને તેમના કેસો વિષે ઇન્ટરનેટ અને એસ.એમ.એસ થી સુચના આપવી

૧૦. દરેક કેસમાં ૨૦ નાગરીકોને કેસ ચાલતો હોય ત્યારે હાજર રહેવા ફરમાન કરવુ જેથી નાગરીકોમાં કોર્ટો પ્રત્યે માહિતી વધે.

<u>સામાન્ય વહીવટ સુધારવાનાં માટેનાં નિયમો</u>

૧. નાગરીક ઓળખની' વ્યવસ્થા ઉભી કરવી જેથી વહીવટમાં નાગરીકો વિષે માહિતી રાખી શકાય

૨. જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા પોલીસ અધિકારી, મુખ્યંમત્રી, પ્રધામંત્રી, રિઝર્વ બેંકના ગવર્નર, જિલ્લા હાઇ અને સુપ્રિમના વડા ન્યાયાધીશો વગેરે આવી ૨૦ જિલ્લા, ૨૦ રાજ્ય અને ૧૦ કેન્દ્ર સ્તરની જ્ગ્યાઓ પર નાગરીકો અધિકારીઓને બદલી શકે તેવો પ્રોસીજરો ઉભી કરવી

૩. તમામ ભર્તિઓ લેખિત પરીક્ષા માત્રથી કરવી અને ઇન્ટરવ્યુ પ્રથા રદ્દ કરવી

૪. તમામ બદલીઓ સિનોયોરિટી અને લોટરી દ્વારા કરવી, વ્યક્તિગત ભલામણોની પ્રથા રદ્દ કરવી

૫. તમામ સ્તરે નાગરીકો આરોપી અધીકારીને કાઢી શકે તે માટે જ્યુરી પ્રથા ઉભી કરવી

૬. જમીન, મકાનનાં માલીકીનાં રેકર્ડ રજિસ્ટર કરવા, પાવર ઓફ એટર્ની રજિસ્ટર કરાવવા

૭. તમામ અધિકારીઓ, નેતાઓ, ન્યાયાધીશો અને તેમનાં સગાઓની આવક, મિલકત ઇન્ટર્નેટ પર મુકવી

૮. તમામ ટ્રસ્ટો, કંપનીઓ જેમા અધિકારીઓ, નેતાઓ, ન્યાયાધીશો અને તેમનાં સગાઓની ટ્રસ્ટી કે ભાગીદાર હોય તેની આવક, મિલકત ઇન્ટર્નેટ પર મુકવી

<u>કરવેરાને લખતા કાયદાઓ</u>

૧. નાગરીક ઓળખની' વ્યવસ્થા કરવી. જમીન, આવક વગેરેના રેકોર્ડોમાં ઓળખ મુકવી જેથી કરચોરી ઘટે

૨. એક્સાઝ, વેટ, સેલ્સ ટેક્ષ, સર્વિસ ટેક્ષ રદ્દ કરવા ; ૧૦૦ મીટરથી વધારે બિન-ખેતી જમીનવાળા વ્યક્તિઓની જમીનપર માર્કેટ કિંમતનાં ૨ ટકા મિલકત વેરો નાખવો જેનો ઉપયોગ માત્ર સેના, પોલીસ વગેરે માટે થશે

૩. કલમ ૮૦જી અને ૩૫એસી રદ્દ કરવુ

૪. સેઝને આપેલ તમામ કરછુટો રદ્દ કરવી

૫. ધાર્મિક ટ્રસ્ટો પર રુ ૨૦૦ ની સભ્યદીઠ કરછુટ આપવી. અને તમામ ટ્રસ્ટો પર કરવેરા નાખવા

૬. ટેક્ષ કલમોની નાગરીક સમીક્ષા કરવી

<u>બાંગ્લાદેશીઓને હાંકી કાઢવા માટેનાં કાયદાઓ</u>

૧. એક વર્ષમાં 'વ્યક્તિ ઓળખ' વ્યાવસ્થા ઉભી કરવી અને ત્રણ વર્ષોમાં નાગરીક ઓળખની વ્યવસ્થા કરવી. તે સાથે દરેક

૨. નાગરીક્ના સગાઓનું આઇડી અને તેમના જનિન (ડિ.એન.એ) ની વિગતો પણ સરકારી કોમ્પ્યુટરોમાં મુકવી.

૩. કંપનીઓએ નોકરીયાતોની ઓળખ સરકારને આપવાનો કાયદો કરવો, જેથી નવા બાંગ્લાદેશીઓની ઘુસણખોરી અટકે.

૪. જ્યુરી ટ્રીબ્યુનલો અને સગાઓની માહીતિ દ્વારા બાંગ્લાદેશીઓની ઓળખ કરી તેમની હકાલપટ્ટી કરવી

૫. 'શંકાશીલ નાગરીકત્વ' વાળા વ્યક્તિઓને દેશનિકાલ યોગ્ય ન લાગે તો ઉત્તર પશ્ચિમનાં રાજ્યોથી ખસેડી ભારતનાં અન્ય રાજ્યોમાં મુકવા.

<u>કશ્મીરના ભાગલાવાદીઓને કચડવા માટેનાં પગલા</u>

૧. ભારતનાં નાગરીકોના ૫૦ ટકાની હા પછીથી હિમાચલ અને ઉત્તરાંચલને કાશ્મીરમાં ભેળવી દેવા

૨. કલમ-૩૭૦ રદ્દ કરવી

૩. અન્ય ભાગમાંથી ભરતીઓને કાશ્મીરમાં રહેવા પ્રોત્સાહન આપવુ

સીવીલ કાયદાઓમાં ઉમેરો

૧. પીડિત પત્નિઓ અને તાત્કાલિક છુટાછેડા, બાળકો, ભરણપોષણ મળી શકે તેવા કાયદાઓ બનાવવા
૨. ત્યાકતાઓને તાત્કાલિક ભાડે મળે તેવી હોસ્ટેલો શરુ કરવી
૩. પણ ૪૯૮(ક) અને 'ડોમેસ્ટીક હીંસા' નાગરીકો પસાર કરેલ કાયદાઓ પર રુ ૩ આપી તાલાટીની કચેરીએ હા/ના નોંધાવી શકે, જે ઇન્ટરનેટ પર મુકવી
૪. ત્રણ ટકાથી વધારે વ્યાજ લેનારાઓને જેલ કરવી
૫. જો ભાડૂઆત વાર્ષિક રુ ૩૦૦,૦૦૦ થી વધારે કમાતો હોયતો મકાનમાલીક એક વર્ષની નોટીસ આપી મકાન ખાલી કરાવી શકે.

વિદેશીઓનાં પગ-પેસરા વિરુદ્ધ

૧. કંપની એકટમાં એક નવીજાતની કંપનીનો ઉમેરો કરવો - માત્ર "Company wholly owned by Indian Citizens" (CWIC) અર્થાત માત્ર ભારતીઓની માલીકીની કંપનીઓ. આ કપંનીઓમાં માત્ર ભારતીયો જ શેર ખરીદી શકશે..
૨. માત્ર CWIC જ અથવા ભારતીય નાગરીકજ ભારતમાં જમીન ખરીદી શકશે અને ખાણોની લીઝ મેણવી શકશે.
૩. માત્ર CWIC જ ભારતમાં ટેલીકોમ, સેનાના કારખાના વગેરેનો ધંધો કરી શકશે
૪. ડબલ-નાગરીકતા રદ્દ કરવી
૫. ભારતનાં તમામ અધિકારીઓ, નેતાઓ, ન્યાયાધીશો અને તેમનાં સગાઓની નાગરીકતા, રેસીડેન્સી વિષે માહિતી ઇન્ટરનેટ પર મુકવી
૬. જે અધીકારી, નેતા, ન્યાયાધીશે ગ્રીન કાર્ડની અર્જી કરી હોય તેમને નોકરીમાંથી કાઢી મુકવા

અન્ય વહીવટી ફેરફારો

૧. સરકાર એક વર્ષમાં મંદીર વગેરેની માલીકી કોમ્યુનિટી ટ્રસ્ટોને સોંપી દેશે.
૨. 'જન મન ગન'માં ટાગોરે અંગ્રેજ રાજાને ભારત ભાગ્ય વિ્ધાતા કહ્યા છે, અને પાછળથી ભ્રમ ઉભો કરવાનો પ્રયાસ કર્યો હતો કે આ ઇશ્વર વંદના છે. આથી 'જન ગન મન' પર પ્રતિબંધ મુકવા નાગરીકોને વિનંતી કરીશુ
૩. આઝાદ હિંદ ફૌજનાં ગીત 'કદમ કદમ બઢાય જા' ને રાષ્ટ્રગાન બનાવવા નાગરીકોને વિનંતી કરીશુ
૪. મોહનભાઇનાં તમામ ફોટાઓ, મુર્તિઓ હટાવી તેના સ્થાને સુભાષચંદ્ર બોસના ફોટા, મુર્તિ મુકવા નાગરીકોને વિનંતી કરીશુ.
૫. ઓક્ટોબર-૨ નાં સ્થાને ભગતસિંહનાં જન્મદિવસને રાષ્ટીય ત્યોહાર બનાવશું

---

આ પરિવર્તનોને ઇચ્છનારાઓને અમારી મીટીંગોનો (રોજ રવિવારે : ૧૦ થી ૧) મા આવવા આમંત્રણ છે. સરનામુ : ૧૦૧, રાજકમલ પ્લાઝા-A , સાકાર-૩ સામે, ઇન્કમટેક્ષ, અમદાવાદ ; ph: ૯૮૨૫૨-૩૨૭૫૪ (સાંજે ૬ થી ૧૦) Email : MehtaRahulC@yahoo.com ; Web: www.rahulmehta.com ; **Orkut Community** : Mine Royalty for Citizens at http://www.orkut.com/community.aspx?cmm=21780619

**૧૧ પ્રધાનમંત્રીને કાગળ**

જે નાગરીકોને 'નાગરીકોને હા/ના નોંધવા દેવી' ના સુચવેલ વટહુકમ સાથે સહમત હોઇ, તેમણે પ્રધાનમંત્રીને નીચે પ્રમાણે કાગળ લખવા વિનંતી :

------

માનનીય પ્રધાનમંત્રી,

હું એક ભારતનો સામાન્ય નાગરીક છુ. હું ઇચ્છુ છુ કે તમામ ૭૫ કરીડ નાગરીક-મતદારોને પસાર કરેલ કાયદાઓ પર હા/ના નોંધવાની તક મળે. આથી હું આપને નીચેનાં વટહુકમ પર સહી કરવા વિનંતી કરું છુ.

| # | અધિકારી | પ્રોસીજર |
|---|---|---|
| 1 | CS -- કેબીનેટ સેક્રેટરી (કેન્દ્ર) | CS (કેબીનેટ સેક્રેટરી) ને આદેશ આપવામાં આવે છે કોઇપણ નાગરીક મતદાર જો કોઇ પત્ર આપે કે સરકારી વટહુકમનું લખાણ સુચવે, તો CS પાના દીઠ રુ. ૨૦૦/- ની ફી લઇ નોંધી લેશે અને તેને સીરીયલ નંબર આપશે. પાના A4 સાઇઝ અને લીગલ સાઇઝની વચ્ચે હોવા જોઇએ અને તેમાં ૧૫૦૦ અક્ષરોથી ઓછા હોવા જોઇએ. CS આ પાના ૨૪ કલાકમાં સ્કેન કરી http://goi.nic.in/pgo/serial_number.htm કે ભારત સરકારનાં કોઇ વેબસાઇટ પર મુકશે. |
| 2 | CS | CS આ કામગીરી અન્ય કોઇ પણ DDO સ્તરનાં અધિકારીને જિલ્લા કક્ષાએ સોપી શકશે. |
| 3 | તલાટી (અથવા તેનાં ક્લાર્કો) | તમામ તલાટીઓને આદેશ આપવામાં આવે છે, કોઇપણ નાગરીક જો ધારાસભ્યો કે સાંસદો દ્વારા પસાર કરેલ કાયદા કે તેની કલમો પર કે કલમ-૧ દ્વારા આપેલ પત્ર કે સુચવેલ સરકારી વટહુકમ પર હા/ના નોંધાવા આવે, મતદાર કાર્ડ બતાવે, રુ ૩ વહીવટી ફી આપે, તો કોઇપણ તકરાર વગર તલાટીએ હા/ના કોમ્પ્યુટરમાં નોંધી લેવી, અને નોંધની પહોંચ આપવી. . આ ફી બીપીએલ કાર્ડ ધારક માટે રુ ૧ રહેશે |
| 4 | તલાટી | તલાટી રુ ૩ ની ફી લઇ નાગરીક્ને હા/ના બદલવા પણ દેશે. . આ ફી બીપીએલ કાર્ડ ધારક માટે રુ ૧ રહેશ. |
| 5 | જિલ્લા કલેક્ટર | કલેક્ટરોને આદેશ આપવામાં આવે છે CS દ્વારા આપેલ વેબસાઇટ પર તેમણે જિલ્લાના નાગરીકોની હા/ના મતદાર નંબર, નામ સહીત મુકવી. |
| 6 | CS | CS અથવા તેના દ્વારા નિમેલ અધિકારી દર સોમવારે તાલુકાવાર પસાર કરેલ કાયદાઓ કે સુચિત વટહુકમો પર નોંધાવેલ હા/ના ઓ નો સરવાળૉ વેબસાઇટ પર મુકશે. |
| 7 | ---- | નાગરીકોને માહીતી આપવાના હેતુથી આ જાહેર કરવામાં આવે છે, આ હા/ના કોઇપણ અધિકારી, મંત્રી, ન્યાયાધીશ, ધારાસભ્ય કે સાંસદ પર બંધનકર્તા નહીં રહે. |

આપનો વિશ્વાસુ,

-------------------------------------------------------

(મતદાર કાર્ડની કોપી ચોંટાડવા વિનંતી)

**૧૨ મુખ્યમંત્રીને કાગળ**

જે નાગરીકોને 'નાગરીકોને હા/ના નોંધવા દેવી' ના સુચવેલ વટહુકમ સાથે સહમત હોઇ, તેમને મુખ્યમંત્રીને નીચે પ્રમાણે કાગળ લખવા વિનંતી :

------

માનનીય પ્રધાનમંત્રી,

હું એક ભારતનો સામાન્ય નાગરીક છુ. હું ઇચ્છુ છુ કે આપણા રાજ્યનાં તમામ કરોડો નાગરીક-મતદારોને પસાર કરેલ કાયદાઓ પર હા/ના નોંધવાની તક મળે. આથી હું આપને નીચેનાં વટહુકમ પર સહી કરવા વિનંતી કરું છુ.

| # | અધિકારી | પ્રોસીજર |
|---|---|---|
| 1 | CS -- કેબીનેટ સેક્રેટરી (રાજ્ય) | CS (કેબીનેટ સેક્રેટરી) ને આદેશ આપવામાં આવે છે કોઇપણ નાગરીક મતદાર જો કોઇ પત્ર આપે કે સરકારી વટહુકમનું લખાણ સુચવે, તો CS પાના દીઠ રુ. ૨૦૦/- ની ફી લઇ નોંધી લેશે અને તેને સીરીયલ નંબર આપશે. પાના A4 સાઇઝ અને લીગલ સાઇઝની વચ્ચે હોવા જોઇએ અને તેમાં ૧૫૦૦ અક્ષરોથી ઓછા હોવા જોઇએ. CS આ પાના ૨૪ કલાકમાં સ્કેન કરી http://state.nic.in/pgo/serial_number.htm કે રાજ્ય સરકારનાં કોઇ વેબસાઇટ પર મુકશે. |
| 2 | CS | CS આ કામગીરી અન્ય કોઇ પણ DDO સ્તરનાં અધિકારીને જિલ્લા કક્ષાએ સોપી શકશે. |
| 3 | તલાટી (અથવા તેનાં ક્લાર્કો) | તમામ તલાટીઓને આદેશ આપવામાં આવે છે, કોઇપણ નાગરીક જો ધારાસભ્યો કે સાંસદો દ્વારા પસાર કરેલ કાયદા કે તેની કલમો પર કે કલમ-૧ દ્વારા આપેલ પત્ર કે સુચવેલ સરકારી વટહુકમ પર હા/ના નોંધાવા આવે, મતદાર કાર્ડ બતાવે, રુ ૩ વહીવટી ફી આપે, તો કોઇપણ તકરાર વગર તલાટીએ હા/ના કોમ્પ્યુટરમાં નોંધી લેવી, અને નોંધની પહોંચ આપવી. . આ ફી બીપીએલ કાર્ડ ધારક માટે રુ ૧ રહેશે |
| 4 | તલાટી | તલાટી રુ ૩ ની ફી લઇ નાગરીક્ને હા/ના બદલવા પણ દેશે. . આ ફી બીપીએલ કાર્ડ ધારક માટે રુ ૧ રહેશ. |
| 5 | જિલ્લા કલેક્ટર | કલેક્ટરોને આદેશ આપવામાં આવે છે CS દ્વારા આપેલ વેબસાઇટ પર તેમણે જિલ્લાના નાગરીકોની હા/ના મતદાર નંબર, નામ સહીત મુકવી. |
| 6 | CS | CS અથવા તેના દ્વારા નિમેલ અધિકારી દર સોમવારે તાલુકાવાર પસાર કરેલ કાયદાઓ કે સુચિત વટહુકમો પર નોંધાવેલ હા/ના ઓ નો સરવાળૉ વેબસાઇટ પર મુકશે. |
| 7 | ---- | નાગરીકોને માહીતી આપવાના હેતુથી આ જાહેર કરવામાં આવે છે, આ હા/ના કોઇપણ અધિકારી, મંત્રી, ન્યાયાધીશ, ધારાસભ્ય કે સાંસદ પર બંધનકર્તા નહીં રહે. |

આપનો વિશ્વાસુ,

-------------------------------------------------------

(મતદાર કાર્ડની કોપી ચોંટાડવા વિનંતી)

અમારી પાર્ટીનું નામ છે – MRCM-Recall. MRCM અર્થાત ‘Mine Royalties (and Land Rent) for Citizens and Military અર્થાત ‘ખાણોની રોયાલ્ટી અને જમીનનું ભાડુ નાગરીકોને અને સેનાને અપાવવુ. અને Recall એટલે - નાગરીકો પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, સુપ્રિમ ન્યાયાધીશો, તમામ ન્યાયાધીશો, જિલ્લા પોલીસ ચીફ, જિલ્લા શિક્ષણ અધિકારી વગેરે બદલી શકે તેવી પ્રોસીજરો.

અમારી માંગણી છે - ભારતની તમામ ખાણોં અને તેલનાં કુવાઓની રોયાલ્ટી અને તમામ સરકારી પ્લોટો જેમકે અમદાવાદ વસ્ત્રાપુર મેનેજમેન્ટનો પ્લોટ, દિલ્હીની નેહરુ યુનિવર્સીટીનો પ્લોટ, તમામ એરપોર્ટનાં પ્લોટા વગેરૈનું ભાડુ અમો નાગરીકોને અને સેનાને અપાવવી. અને અમારો બીજો હેતુ છે – નાગરીકો રાહ જોયા વિના પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, સુપ્રિમ ન્યાયાધીશો, તમામ ન્યાયાધીશો, જિલ્લા પોલીસ ચીફ, જિલ્લા શિક્ષણ અધિકારીઓ અને આ પ્રકારનાં રાષ્ટ્ર, રાજ્ય અને જિલ્લા સ્તરે ૬૦-૮૦ અધિકારીઓ બદલી શકે તેવી પ્રોસીજરો.ઉભી કરવી.

http://www.rahulmehta.com/about_mrcm_party.htm#manifesto પર અમારા આખા ધોષણાપત્રની અંગ્રેજી નકલ અને ધોષણાપત્રનો ગુજરાતી અનુવાદ છે. ધોષણાપત્રમાં અમે જે જે સરકારી વટહુકમોની માંગણી કરી છે તે તમામ વટહુકમોનોં લખાણ આપ્યા છે.

*આ પત્રીકા અમારા ધોષણાપત્રનો સાર છે.*

જો આપ વાચકને અમારા દ્વારા માગેલ વટહુકમો ભારત દેશ અને સામાન્ય નાગરીકો માટે યોગ્ય લાગે, તો અમોને સંપર્ક કરવા વિનંતી છે. *અને શક્ય હોય તો કોઇપણ રવિવારે ૧૦-૨ ૧૦૧, રાજકમલ પ્લાઝા-A , સાકાર-૩ સામે, ઈન્કમટેક્ષ, અમદાવાદ મીટીંગમાં આવવા વિનંતી છે.*

ઓર્કુટ કોમ્યુનીટી ‘Mine Royalties for Citizens’ http://www.orkut.co.in/Community.aspx?cmm=21780619 પર અમારી પાર્ટી વિષે વધારે માહિતી મળી શકશે..